દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

શનિવાર ૧૯ જુલાઈ, ૨૦૨૫

# ઝજ્જર-રોહતકથી દિલ્હી સુધીના વિસ્તારમાં આઠ દિવસમાં ભૂકંપના ચાર આંચકા, સરકાર એલર્ટ રહે તે જરૂરી

શું દિલ્હી સહિત પંજાબનો બેલ્ટગમે ત્યારે કાળની ગર્તામાં ધકેલાઈ જશે? શું આ વિસ્તાર નહીં રહે? આવા પ્રશ્નો એટલા માટે પુછાવા માંડ્યા છે કે દિલ્હી તેમજ એનસીઆરમાં સતત ભૂકંપના આંચકાઓ આવી રહ્યા છે. છેલ્લા સાત દિવસથી દિલ્હી અને એનસીઆરમાં ભૂકંપના આંચકાઓ અનુભવાઈ રહ્યા છે અને તેનું કારણ એ છે કે થોડા દિવસો પહેલા તા.10મી જુલાઈના રોજ હરિયાણાના ઝજ્જરમાં 4.4ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જેના આંચકા દિલ્હી-એનસીઆરની સાથે સાથે નોઈડા, ગુરૂગ્રામ અને ફરિદાબાદમાં અનુભવાયા હતા. બાદમાં સતત બીજા દિવસે પણ 3.7ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો અને તેના આંચકા પણ અનુભવાયા બાદ. તા.17મી જુલાઈના રોજ હરિયાણાના જ રોહતકમાં 3.3ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો અને તેના આંચકા પણ અનુભવાયા હતા.

છેલ્લા આઠ જ દિવસમાં આ વિસ્તારમાં આ ચોથો મોટા ભૂકંપનો આંચકો હતો. આ આંચકાઓની તીવ્રતા વધારે નહીં હોવાને કારણે કોઈ જાનહાનિ નથી થઈ પરંતુ આ આંચકાઓ જાણે ચેતવણી જરૂર આપી રહ્યા છે. આમ પણ દિલ્હી-એનસીઆર અને તેની આસપાસનો વિસ્તાર ભૂકંપ માટે સંવેદનશીલ માનવામાં આવે છે. આ વિસ્તારમાં ભૂકંપ આવવાના ત્રણ કારણો છે. જેમાં એક ઝજ્જર-રોહતકમાં મહેન્દ્રગઢ-દહેરાદૂન ફોલ્ટ લાઈનની સાથે સાથે દિલ્હી-હરિદ્વાર રિજ અને સોહના-મથુરા ફોલ્ટ જેવી તિરાડો આવી છે. આ તિરાડ ધરતીની ટેક્ટોનિક પ્લેટ અથડાવાને કારણે બની રહી છે. બીજું કારણ એ છે કે ભારતની ટેક્ટોનિક પ્લેટ સતત યુરેશિયન પ્લેટ સાથે અથડાઈ રહી છે. આ અથડામણને કારણે ભૂગર્ભમાં વિશાળ ઉર્જા જમા થાય છે અને જ્યારે આ ઉર્જા છુટી પડે છે ત્યારે ભૂકંપ આવે છે. ત્રીજું કારણ એ છે કે આ નાના ભૂકંપ ટેક્ટોનિક્સ પ્લેટામં તણાવના સંકેત પણ હોઈ શકે છે. જે ધીમેધીમે વધી રહ્યા છે. આ તણાવો જ્યારે ખૂબ વધે ત્યારે ભુકંપનો મોટો આંચકો આવે છે. વૈજ્ઞાનિકોના મતે આમ તો, દિલ્હી-એનસીઆરમાં કોઈ મોટો તાત્કાલિક ખતરો નથી. પરંતુ તેની સામે સાવચેતી અને જાગૃતિ રાખવામાં આવે તે જરૂરી છે. ભૂકંપની સ્થિતિમાં નાગરિકોએ શું કરવું અને શું નહીં કરવું તેની માહિતી રાખવી જરૂરી છે. ઝજ્જર અને રોહતકનો આ બેલ્ટ ભારે જોખમી છે. જે રીતે સતત આંચકાઓ આવ્યા છે તે ચેતવણી સમાન છે. ભૂકંપને સરકાર અટકાવી શકતી નથી. પરંતુ ભૂકંપના સમયમાં શું શું કરવું? તેનું માર્ગદર્શન સરકાર આપી શકે છે. કેવા પ્રકારના બાંધકામો ભૂકંપ પ્રતિરોધક થઈ શકે તેની ગાઈડલાઈન બનાવીને તેનો અમલ કરાવી શકે છે. જાપાન કે ચીનની જેમ ભારતમાં વારંવાર ભૂકંપ આવતા નથી પરંતુ જે રીતે પૃથ્વીમાં બદલાવ આવી રહ્યો છે તે બતાવી રહ્યું છે કે ભારત માટે પણ ભૂકંપનો ખતરો મોટો છે. ભારતમાં વસતી અને બાંધકામો મોટા પ્રમાણમાં છે. આ સંજોગોમાં ગમે ત્યારે એવી મોટી હોનારત થઈ શકે છે કે જેને કારણે ભારત દાયકાઓ સુધી પાછળ ધકેલાઈ જાય. દિલ્હી-એનસીઆર સહિતના વિસ્તારોમાં આંચકા એક ચેતવણી સમાન છે ત્યારે સરકારે આ મામલે આગળ આવીને પગલાઓ લે તે જરૂરી છે.

## આંધીને પસાર થવા દો



એક દિવસ રેડિયોમાંથી જાહેરાત થઇ કે શહેરના દરિયાકિનારાના વિસ્તારોમાં આંધી આવવાની શક્યતા છે એટલે બને ત્યાં સુધી લોકોએ દરિયાકિનારે જવું નહિ, ઘરમાં જ રહેવું.

પોતાને બહુ બહાદુર માનતો કોલેજીયન નિમિત્ત બોલ્યો, ‘અરે, આ હવામાન ખાતાવાળા તો બધાંને ડરાવીને ડરપોક બનાવી દેશે. ફૂંકાતા પવન વચ્ચે દરિયાકિનારાનાં મોજાં માણવાની અનેરી મજા છે. તેમાં એક અજબ થ્રિલ છે. અમે બધા દોસ્તો તો ખાસ જવાના છીએ.’ આ સાંભળી મમ્મી બોલી, ‘ખબરદાર બહાર ગયો છે તો.’ નિમિત્ત જીદ કરીને બોલ્યો, ‘હું તો જઈશ, હું કંઈ આંધી તોફાનથી ડરતો નથી.’ દાદા આ બધું સાંભળતા હતા. તેઓ બોલ્યા, ‘નિમિત્ત, થ્રિલ માટે જાન જોખમમાં ન મુકાય. આ કંઈ બહાદુરી નથી, મુર્ખામી છે. જંગલમાં જયારે પણ આંધી આવે, તોફાન આવે, ગાજવીજ સાથે વરસાદ પડે તો નાનાં મોટાં દરેક જંગલી પ્રાણીઓ જ્યાં હોય ત્યાં, જે મળે તે આશરો શોધી, માથું નીચું નમાવી બેસી જાય છે અને આંધીને પસાર થઇ જવા દે છે. જો પ્રાણીઓમાં આ સમજ છે તો આપણે તો મનુષ્ય છીએ. સમજ્યો, આવી મુર્ખામી ન કરાય.’ દાદાની વાત સાંભળી નિમિત્ત બહાર ગયો નહિ.તોફાનની બહુ અસર ન થઈ. દરિયા પરથી જ પસાર થઇ ગયું. પણ કિનારાના વિસ્તારોમાં મોટાં મોજાં ઉછળ્યાં અને કિનારે મસ્તી કરતાં લોકોમાંથી બે જણ તણાઈ ગયાના સમાચાર પણ આવ્યા. આ સમાચાર સાંભળી દાદાએ નિમિત્તને કહ્યું, ‘નિમિત, સાંભળ આ સમાચાર. મારી વાત માની તું બહાર ગયો નહિ તે સારું કર્યું.’

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

નિમિત્ત બોલ્યો, ‘દાદા, આમ હંમેશ ડરીને બેસવાનું?’ દાદાએ કહ્યું, ‘હા, એમાં જ સમજદારી છે. આ કુદરતી તોફાન સામે બહાદુરી દેખાડી સામા થવાય નહિ. આંધી દરમ્યાન દોડવાથી તમે ક્યાંય પહોંચી શકો નહિ ત્યારે અટકી જવું જ સારું. આંધીના સમયે આશરો શોધી બેસી જવાય અને અન્યને પણ અટકાવાય કારણ થોડા સમયમાં તે પસાર થઈ જશે. આ વાત જીવનભર યાદ રાખજે. આ જ રીતે જીવનમાં પણ કોઈ તોફાન સમા મુશ્કેલીભર્યા સંજોગો સર્જાય ત્યારે પણ લડવાની ભાવનાથી સામે દોડવું નહિ. પહેલાં જરા શાંત થઈ બેસી જવું. જરા અટકી જવું. કોઈ આશરો સહારો શોધી શાંતિથી વિચાર કરી માર્ગ કાઢવો. અહીં હું થાકી હારીને કે ડરીને બેસી જવાની વાત નથી કરતો. હિંમત મનમાં જાળવી રાખવી જરૂરી છે, પણ મુશ્કેલી અને તકલીફો વખતે થોડો સમય શાંત થઈ બેસવાથી તેની અસર આપોઆપ ઓછી થતી જાય છે અને શાંત મનથી વિચારવાથી સાચો માર્ગ સૂઝે છે.’દાદાજીએ સાચી સમજ આપી.

# કર્ણાટકમાં કોંગ્રેસની યાદવાસ્થળી

કોંગ્રેસની સ્થિતિ દયનીય છે. બે રાજ્યોમાં માત્ર સત્તા છે અને ત્યાંય સમસ્યાનો પહાડ છે. કર્ણાટકમાં છેલ્લા થોડા સમયથી મુખ્યમંત્રીપદ માટે હુંસાતુંસી ચાલી રહી છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયા ખુરશી છોડવા તૈયાર નથી અને ડી. કે. શિવકુમારને મુખ્યમંત્રી બનવું છે. આ બે નેતા વચ્ચેનો સંઘર્ષ કોંગ્રેસના દિલ્હી દરબારમાં પહોંચ્યો છે પણ એને ઉકેલવામાં યુવરાજ રાહુલબાબા સફળ રહ્યા નથી. અરે! સિદ્ધારમૈયા એમને મળવા આવ્યા તો એ મળ્યા નથી. કોંગ્રેસની આ જ નીતિ રીતિ એને ડુબાડી રહી છે.

આમ તો એવું નક્કી થયેલું કે, સિદ્ધારમૈયા અને ડી. કે. શિવકુમાર વચ્ચે મુખ્યમંત્રીપદ અઢી અઢી વર્ષ રહેશે પણ અઢી વર્ષ થયા બાદ સિધ્ધાએ કહ્યું કે, એ પૂરાં પાંચ વર્ષ મુખ્યમંત્રી રહેશે. અઢી વર્ષ મુદ્દે કોઈ ડિલ થઈ નથી. તેમણે એમ પણ ઘણી વખત કહ્યું છે કે મુખ્યમંત્રીપદ ખાલી નથી અને ડી.કે. શિવકુમાર પોતે પણ આ વાત સાથે સહમત છે. નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારની મુખ્યમંત્રી બનવાની મહત્ત્વાકાંક્ષા જગજાહેર છે. તેમનાં સમર્થકો સમયાંતરે તેમને મુખ્યમંત્રી બનાવવાની માંગ કરતા રહે છે. કેટલાક ધારાસભ્યોનો દાવો છે કે ડી.કે. શિવકુમારને 138 ધારાસભ્યોનો ટેકો છે.

આ સ્થિતિમાં કોંગ્રેસ મોવડીમંડળ શું કરે છે? કોંગ્રેસ હાઈકમાન્ડ આ આંતરિક સંઘર્ષને ટાળવાનો પ્રયાસ કરી રહ્યું છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આવા મામલાઓ પર હાઈકમાન્ડ નિર્ણય લેશે અને કોઈએ બિનજરૂરી સમસ્યાઓ ઊભી ન કરવી જોઈએ તેમ જણાવ્યું તો ખરું. દિલ્હીથી એક પ્રતિનિધિ કર્ણાટક પણ ગયા એ બધું બરાબર છે એવી જાહેરાતથી પણ એવું છે નહિ. ભાજપ માટે આ તક છે. ભાજપ દ્વારા આ આંતરિક સંઘર્ષ પર પ્રહાર કરવામાં આવી રહ્યા છે. ભાજપે આરોપ લગાવ્યો છે કે સિદ્ધારમૈયા અને ડી.કે. શિવકુમાર ધારાસભ્યોને પોતાના પક્ષમાં લેવા માટે હોર્સ ટ્રેડિંગમાં સામેલ છે. બીજી બાજુ સિદ્ધારમૈયા અને ડી.કે. શિવકુમાર બંને રાહુલ ગાંધીને મળવા માંગતા હતા પરંતુ રાહુલ ગાંધીએ તેમને મળવાનું ટાળ્યું. આનું કારણ એવું આપવામાં આવ્યું છે કે રાહુલ ગાંધી આ સમયે કર્ણાટકમાં ચાલી રહેલા નેતૃત્વ પરિવર્તનની અટકળોને વેગ આપવા માંગતા ન હતા. જો તેઓ બંને નેતાઓને મળ્યા હોત તો તેનાથી પક્ષમાં વધુ મૂંઝવણ અને અટકળો વધી શકતી હતી. પણ આ તો સમસ્યાથી મોં છુપાવવા જેવી વાત થઈ અને આ કારણે જ કોંગ્રેસને ભૂતકાળમાં નુકસાન થયું છે.

કર્ણાટકની વાત કરીએ તો આ કારણે નુકસાન શું થઈ રહ્યું છે? આ કારણે પ્રશાસન પર નેતાઓની પકડ ઢીલી પડી શકે છે, કારણ કે અધિકારીઓ પણ ગૂંચવણમાં મુકાઈ શકે છે કે કોની વાતને પ્રાધાન્ય આપવું અને વારંવાર આંતરિક વિવાદો સપાટી પર આવવાથી પક્ષની છબી ખરડાય છે. તે દર્શાવે છે કે પક્ષ એકજૂથ નથી અને નેતાઓ અંગત મહત્ત્વાકાંક્ષાઓને પ્રાધાન્ય

**રાજ્યોની વણઝાર**

**કૌશિક મહેતા**

**રાહુલ ગાંધી આ સમયે કર્ણાટકમાં ચાલી રહેલા નેતૃત્વ પરિવર્તનની અટકળોને વેગ આપવા માંગતા ન હતા. જો તેઓ બંને નેતાઓને મળ્યા હોત તો તેનાથી પક્ષમાં વધુ મૂંઝવણ અને અટકળો વધી શકતી હતી. પણ આ તો સમસ્યાથી મોં છુપાવવા જેવી વાત થઈ**

આપે છે. મતદારોમાં પક્ષ પ્રત્યેનો વિશ્વાસ ઘટી શકે છે. તેઓ વિચારી શકે છે કે જો પક્ષ પોતાના આંતરિક મુદ્દાઓ ઉકેલી શકતો નથી, તો તે રાજ્યનું સંચાલન કેવી રીતે કરશે? આનાથી આવનારી ચૂંટણીઓમાં (જેમ કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ, લોકસભા ચૂંટણી અથવા આગામી વિધાનસભા ચૂંટણી) પક્ષના પ્રદર્શન પર નકારાત્મક અસર પડી શકે છે.

બીજી બાજુ, ભાજપ જેવા વિરોધ પક્ષોને કોંગ્રેસના આ આંતરિક સંઘર્ષને મુદ્દો બનાવવાની તક મળે છે. તેઓ કોંગ્રેસની સરકારને અસ્થિર અને નેતૃત્વવિહીન દર્શાવવાનો પ્રયાસ કરશે. ભાજપને પોતાનો જનાધાર મજબૂત કરવાની અને કોંગ્રેસવિરોધી માહોલ બનાવવાની તક મળશે. કોંગ્રેસમાં પણ સ્પષ્ટ નેતૃત્વ અને દિશાના અભાવે ધારાસભ્યો અને સામાન્ય કાર્યકરોમાં હતાશા ફેલાઈ શકે છે. પરિણામે ભવિષ્યમાં કોંગ્રેસે નુકસાન વેઠવું પડશે.

### કાશ્મીરને રાજ્યનો દરજ્જો ક્યારે મળશે?

જમ્મુ કાશ્મીરમાં પહેલગામ ઘટના બાદ પાટે ચઢેલી ગાડી નીચે ઊતરી ગઈ છે. ક. ૩૭૦ હટાવ્યા બાદ બહુ ઝડપથી આ રાજ્યને રાજ્યનો દરજ્જો મળશે એવું કેન્દ્ર સરકારે વારેવારે કહ્યું છે પણ ક્યારે એનો ફોડ પાડ્યો નથી. ઓમર અબ્દુલ્લાની સરકાર અહીં રચાઈ છે પણ રાજ્યનો દરજ્જો ના મળેલો હોવાથી આ દાંત વિનાની સરકાર બની છે. મોટા ભાગની સત્તા કેન્દ્ર પાસે છે અને હમણાં જ ઓમરને નજરકેદ કરવામાં આવ્યા અને એમની સાથે જે વ્યવહાર થયો એ ક્ષોભજનક છે. કેન્દ્ર સરકારે, ખાસ કરીને ગૃહમંત્રી અમિત શાહે સંસદમાં ઘણી વખત કહ્યું છે કે જમ્મુ-કાશ્મીરને યોગ્ય સમયે રાજ્યનો દરજ્જો પાછો આપવામાં આવશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ જાહેર સભાઓમાં આ વાતનું પુનરાવર્તન કર્યું છે. પણ કેન્દ્ર કહ્યું કરતી નથી. શક્ય એટલી વહેલી તકે...એવા શબ્દોથી આ વાત ટાળવામાં આવે છે અને હવે સંસદનું ચોમાસું સત્ર મળવાનું છે ત્યારે આ મુદ્દો ઊઠવાનો છે. રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે સહિત કોંગ્રેસના નેતાઓએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને સંસદના ચોમાસુ સત્રમાં જમ્મુ-કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવા માટે કાયદો લાવવાની માંગ કરી છે. નેશનલ કોન્ફરન્સ અને અન્ય પ્રાદેશિક પક્ષો પણ રાજ્યના દરજ્જાની પુનઃસ્થાપના માટે દબાણ કરી રહ્યા છે અને તેમને આશા છે કે ચોમાસુ સત્રમાં આ અંગે બિલ આવી શકે છે. ઓમર સરકારે પૂર્ણ રાજ્યના દરજ્જાનો પ્રસ્તાવ પણ પસાર કર્યો છે, જેને ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ મંજૂરી આપી છે.

સવાલ એ છે કે, કેન્દ્ર વિલંબ કેમ કરે છે? કેન્દ્ર સરકારનો દાવો છે કે જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષાની સ્થિતિ હજુ સંપૂર્ણપણે સામાન્ય થઈ નથી. આતંકવાદ અને ઘૂસણખોરીનાં જોખમોને ધ્યાનમાં રાખીને, સરકાર માને છે કે પૂર્ણ રાજ્યનો દરજ્જો આપતાં પહેલાં સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત કરવી જરૂરી છે. પણ ચૂંટાયેલી સરકારનો કોઈ મતલબ રહેતો નથી જ્યાં સુધી રાજ્યનો દરજ્જો ના મળે. કારણ કે આ સરકાર પાસે મર્યાદિત સત્તાઓ છે. જમીન, કાયદો અને વ્યવસ્થા અને પોલીસ જેવા મુખ્ય વિષયો સામાન્ય રીતે કેન્દ્ર સરકાર અથવા કેન્દ્ર દ્વારા નિયુક્ત ઉપરાજ્યપાલના નિયંત્રણ હેઠળ રહે છે. ઉપરાજ્યપાલ એ કેન્દ્ર સરકારના પ્રતિનિધિ હોય છે અને તેમની ભૂમિકા ખૂબ જ મહત્ત્વપૂર્ણ હોય છે. નાણાંકીય બાબતો અને કેન્દ્રીય યોજનાઓના અમલીકરણમાં પણ કેન્દ્રનું નિયંત્રણ વધુ હોય છે એટલે અત્યારે ઓમર સરકાર છે પણ એની પાસે સત્તા બહુ સીમિત છે. કેન્દ્ર સરકારે રાજ્યનો દરજ્જો વહેલી તકે આપવો પડશે અને વહેલી તકે ...સમયમર્યાદા નક્કી કરવી પડશે. સુપ્રીમ કોર્ટ પણ દરમિયાનગીરી કરી શકે કારણ કે, સરકારે ત્યાં વચન આપ્યું છે. આ દરજ્જો ના મળે ત્યાં સુધી કાશ્મીરમાં સામાન્ય સ્થિતિ કઈ રીતે સર્જાશે? એનો જવાબ મળતો નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# લડાખના નવા લેફ્ટિનન્ટ ગવર્નર- ભાજપે જમ્મુ-લડાખના રાજકારણને ભેગા કર્યાં

## નવા રાજ્યપાલ જમ્મુ કાશ્મીર ભાજપના વરિષ્ઠ નેતા છે

કેન્દ્રમાં શાસક રાજકીય પક્ષો તેમના પક્ષના નેતાઓને રાજ્યપાલ અને ઉપરાજ્યપાલ તરીકે નિયુક્ત કરે છે તે પરંપરા રહી છે. તે કાં તો વૃદ્ધ નેતાને ખુશ કરવા, તેમને બાજુ પર રાખવા અથવા જ્યાંથી તે ઉમેદવાર આવે છે તે રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં (યુટી) જમીની સ્તરે રાજકીય વાસ્તવિકતાઓ સાથે સંબંધિત હોય છે.

દુર્ભાગ્યવશ, વહીવટ અને બંધારણીય ઝીણવટભર્યા મુદ્દાઓમાં કુશળતાના સ્વરૂપમાં યોગ્યતાને ધ્યાનમાં રાખવામાં આવતી નથી. રાજભવનનો ઉપયોગ શાસક પક્ષો દ્વારા રાજકીય કાવતરાઓના કેન્દ્ર તરીકે કરવો, કાં તો વિપક્ષ શાસિત રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોને હેરાન કરવા અથવા પોતાનાં રાજકીય હિતોને આગળ વધારવા માટે કરવામાં આવે છે અને આ કેન્દ્રમાં સત્તામાં રહેલા તમામ પક્ષો માટે સત્ય છે. પરંતુ તેનો દુરુપયોગ વધુ થયો છે અને દિવસે ને દિવસે ગંભીર વળાંક લે છે.

તો, જમ્મુ અને કાશ્મીરના ભાજપના વરિષ્ઠ નેતા, ભૂતપૂર્વ વિધાનસભા સ્પીકર અને ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી કવિન્દર ગુપ્તાની લડાખના લેફ્ટનન્ટ ગવર્નર તરીકે નિમણૂક આ પરંપરાને અનુરૂપ છે. 5 ઓગસ્ટ, 2019ના રોજ કેન્દ્રશાસિત પ્રદેશ તરીકે અસ્તિત્વમાં આવ્યા પછી, તેઓ ત્યાંના રાજ્યપાલ બનનારા પ્રથમ રાજકારણી છે.

આ હદ સુધી આ એક સ્વાગતપાત્ર પગલું છે કારણ કે લડાખ રાજકીય સશક્તિકરણ અને નિવાસ અધિકારોના રક્ષણ માટે જાહેર ચળવળનો સામનો કરી રહ્યું છે. તેઓ જેનો ભાગ હતા તે રાજકીય પક્ષના રાજકીય હિતોથી ઉપર ઊઠીને આવી પરિસ્થિતિનો સામનો કરવામાં તેમની કુશળતાની આ વાસ્તવિક કસોટી હશે.

શું તેઓ તે કરી શકશે? કેન્દ્ર સરકાર તેમના જેવા મધ્યમ કક્ષાના ભાજપ નેતાને જમીની સ્તર પર કાર્ય કરવા માટે કેટલી છૂટ આપશે?

આ પ્રશ્નોના સીધા જવાબ આપવા મુશ્કેલ છે કારણ કે જમ્મુ-કાશ્મીરમાં ભાજપના પુરોગામી નેતાઓ જેવા કે ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી પ્રોફેસર ચમનલાલ ગુપ્તા, ઋષિકુમાર કૌશલ કે વાજપેયી-અડવાણી યુગ દરમિયાન હરિયાણાના રાજ્યપાલ રહેલા અનુસૂચિત જાતિના અગ્રણી નેતા બાબુ પરમાનંદ જેવું કદ કે રાજકીય સ્થાન તેમની પાસે નથી. આ ઉપરાંત ઉચ્ચ-તીવ્રતાવાળા જાહેર-રાજકીય વિવાદોને ઉકેલવામાં તેમનો વહીવટી ટ્રેક રેકોર્ડ નથી. અહીં મુદ્દો વ્યૂહાત્મક રીતે સ્થિત લડાખમાં સામાજિક અશાંતિનો છે જ્યાં ચીન ભારત પર દબાણ બનાવી રાખે છે.

જો કે, જમ્મુ અને કાશ્મીર સાથે લાગેલા કેન્દ્રશાસિત પ્રદેશના રાજ્યપાલ તરીકે ગુપ્તાની નિમણૂકનું રાજકીય મહત્ત્વ ગુમાવવું જોઈએ નહીં. હકીકત એ છે કે તેઓ જમ્મુ પ્રદેશના છે, જે છેલ્લા એક દાયકાથી ભાજપનો ગઢ અને હિન્દુત્વની નાની પ્રયોગશાળા બની ગયો છે અને હાલમાં અધૂરાં વચનોને કારણે ત્યાં સત્તાવિરોધી ભાવના પ્રવર્તી રહી છે અને તેઓ આ પ્રદેશમાં ભાજપના સમર્થન આધારનો મુખ્ય ભાગ, મહાજન સમુદાયના છે. આ બાબત ગુપ્તાના પદને વધુ રસપ્રદ બનાવે છે.

એવું લાગે છે કે તેમને જાણી જોઈને પડોશી કેન્દ્રશાસિત પ્રદેશની કમાન સોંપવામાં આવી છે જેથી તે જમ્મુ અને કાશ્મીરમાં (જમ્મુ પ્રદેશ વાંચવું) રાજકારણને પ્રભાવિત કરી શકે. તે સ્થાનિક લાગણીઓને શાંત કરવા અને હિન્દુત્વ સમર્થન આધારને અકબંધ રાખવા અને તેને કોંગ્રેસ માર્ગે જતાં અટકાવવાનો પણ એક પ્રયાસ છે. કારણ કે લડાખ વિધાનસભા વિનાનો કેન્દ્રશાસિત પ્રદેશ છે. લેહ રાજભવનમાં ગુપ્તાની હાજરી તેમને મુખ્યમંત્રીનો દરજ્જો આપશે જેની સામે કોઈ વિરોધ પક્ષ નથી. જો કેન્દ્ર અથવા તેઓ લડાખીઓના ન્યાયી અધિકારો માટે લડવાની સ્થિતિસ્થાપકતાને અવગણે તો તે ભોળપણ હશે. અને આ એ સ્થિતિ છે જ્યાં તેમણે પોતાને સાબિત કરવાની જરૂર પડશે.

લડાખના લે. ગવર્નર અને કેન્દ્રના મોહરા તરીકે, તેમણે એવી પરિસ્થિતિનો સીધો સામનો કરવો પડશે જેનો સામનો કદાચ તેમણે નાયબ મુખ્યમંત્રી અને સ્પીકર તરીકેના તેમના ટૂંકા કાર્યકાળ દરમિયાન પહેલાં ક્યારેય કર્યો ન હોય. તેમના માટે કાર્ય પડકારજનક બનાવ્યું છે તે એ છે કે આંદોલનનું નેતૃત્વ કરતી સર્વોચ્ચ સંસ્થાની પ્રોફાઈલ રાજકારણથી ભરેલી સંસ્થા કરતાં વધુ બિનરાજકીય અને જાહેર પ્રોફાઈલ બની ગઈ છે.

બે અગ્રણી નેતાઓ, લેહ સર્વોચ્ચ સંસ્થાના અધ્યક્ષ, થુપસ્તાન છેવાંગ જે આરએસએસ સાથે નજીકના સંબંધો ધરાવતા ભૂતપૂર્વ ભાજપ સાંસદ છે અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા, નવાંગ રિગ્ઝિન જોરાના રાજીનામાથી, નેતૃત્વ શિક્ષણવિદ્ અને કંઈક નવું લાવવા માટે જાણીતા સોનમ વાંગચુકને સોંપવાની

**રાજધાનીના અંતરંગ**

**અનિલ આનંદ**

**લડાખ રાજકીય સશક્તિકરણ અને નિવાસ અધિકારોના રક્ષણ માટે જાહેર ચળવળનો સામનો કરી રહ્યું છે**

સંભાવના સાથે, પરિસ્થિતિમાં એક નવું તત્ત્વ ઉમેરાયું છે. છેવાંગ અને જોરા બંનેએ સ્પષ્ટતા કરી છે કે તેઓ આંદોલનનો ભાગ રહેશે. કદાચ, ગુપ્તા પર આરએસેસને વિશ્વાસ છે તેના કારણે કેટલાક વિવાદો તેમને સતાવી રહ્યા હોવા છતાં તેમને આ પદ સોંપાયું છે. કિશોરાવસ્થામાં આરએસેસમાં જોડાવા ઉપરાંત, તેઓ જમ્મુ અને કાશ્મીર જતાં પહેલાં 1978થી 1979 સુધી વિશ્વ હિન્દુ પરિષદના પંજાબ એકમના સચિવ પણ હતા.

23 સપ્ટેમ્બર, 2022 ના રોજના એક અહેવાલમાં હિમાચલ પ્રદેશમાં હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટના બાંધકામના સંદર્ભમાં (જમ્મુ અને કાશ્મીર બેંક તરફથી) 31 કરોડ રૂપિયાના બેંક લોન કેસનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હિમાચલ પ્રદેશના શૂ (ચંબા) ગામમાં 3 મેગાવોટ (SAL-II) પ્રોજેક્ટ માટેનો કોન્ટ્રાક્ટ તેમને જમ્મુના બે અન્ય વરિષ્ઠ ભાજપ નેતાઓ સાથે આપવામાં આવ્યો હતો. બેંકે ‘ખાતાનું સમાધાન’ કરી દીધું છે અને આ ભાજપ નેતાઓને ક્લીનચીટ આપી દીધી છે.

જો રાજકીય પરિબળો આ જટિલ પ્રદેશની વ્યૂહાત્મક અને બોજારૂપ વહીવટી જરૂરિયાતોને વધારે પડતા ભારિત કરે છે, જે અત્યાર સુધી શિયા પ્રભુત્વ ધરાવતા કારગિલ અને બૌદ્ધ પ્રભુત્વ ધરાવતા લેહ વિભાગો વચ્ચે તીવ્ર રીતે વિભાજિત છે, તો તે ખૂબ જ વિડંબનાપૂર્ણ છે. તાજેતરમાં, કેન્દ્ર દ્વારા જમ્મુ અને કાશ્મીર રાજ્યના પુનર્ગઠનના ભાગ રૂપે આપવામાં આવેલાં વચનો પૂર્ણ ન થવાને કારણે, બંને પ્રદેશોએ લડાખના વધુ લાભ માટે પોતાની હરોળ બંધ કરી દીધી.

જો ગુપ્તાની રાજ્યપાલ તરીકેની નિમણૂક જમ્મુ અને કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશના જમ્મુ ક્ષેત્રમાં ભાજપની ચૂંટણીની રાજનીતિ સાથે સીધી રીતે જોડાયેલી છે, તો તેને લડાખમાં કેન્દ્રશાસિત પ્રદેશ બનવાનો પ્રારંભિક ઉત્સાહ ઓછો થયા પછી પક્ષના ઘટતા રાજકીય ભાગ્ય સાથે પણ ગાઢ સંબંધમાં જોવું જોઈએ. 2014 અને 2019માં સતત બે જીત પછી, પાર્ટીએ 2024માં લડાખ લોકસભા બેઠક ગુમાવી હતી એટલું જ નહીં, પરંતુ યુટીની રચના પછી ઉત્પન્ન થયેલી જાહેર સદ્ભાવના પણ ગુમાવી દીધી હતી, કારણ કે નિવાસ અધિકારોના મુદ્દાઓનો ઉકેલ આવ્યો નથી.

ગુપ્તાની નિમણૂક સાથે ભાજપે ફરી એક વાર પ્રદેશના ચૂંટણી રાજકારણમાં એક મહત્ત્વપૂર્ણ લાભ મેળવ્યો છે જ્યાં તેનો મુખ્ય હરીફ કોંગ્રેસ, માત્ર આત્મનિરીક્ષણ અને ઉપચારાત્મક પગલાં લેવાનો ઈનકાર જ નથી કર્યો. ભાજપના હિન્દુત્વ મત આધારને નુકસાન પહોંચાડવા માટે સામાજિક અને જાતિગત એન્જિનિયરિંગ દ્વારા ભાજપના નેતાઓ સામે મજબૂત સત્તાવિરોધી લહેરનો લાભ લેવાની વાજબી તકો હોવા છતાં, કોંગ્રેસ હિન્દુઓમાં પ્રભાવશાળી સમુદાયોને પ્રતિનિધિત્વ આપવાનો ઈનકાર કરીને ચુપચાપ પોતાના પતન પર નજર રાખી રહી છે. હિન્દુઓ ભાજપના સમર્થન આધારનો મુખ્ય ભાગ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## સુરતને સોનાની મૂરત બનાવનારને યાદ કરવા જોઈએ

ખૂબ જ સરળ સમજાય એવી વાત એક ઈન્ટરવ્યૂમાં આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કરી હતી, મોદીજીની કાર્યશૈલીથી પ્રભાવિત થયેલ પત્રકારે વડા પ્રધાનને પ્રશ્ન પૂછ્યો - સાહેબ, તમે ઈતિહાસમાં તમને ક્યાં જોવા માગો છો? તે થોડાક સમય રોકાયા, અને પછી બોલ્યા તમે જાણો છો વેદ કોણ લખ્યાં? મોટાભાગના લોકો મૌન હતાં, તે ખુબ જ નમ્રતાપૂર્વક બોલ્યા- બધું જ ક્ષણિક છે, લાંબા સમય સુધી કઈ યાદ રહેતું નથી, આ વાત યાદ આવી- કારણ કે જ્યારે સુરતનું નામ સ્વચ્છ શહેરમાં આવે છે ત્યારે કમિશનર શ્રી એસ.આર. રાવ [આઈ.એ.એસ. ] ને હંમેશા યાદ કરવાનું ભૂલી ગયા હોય તેવો અહેસાસ જરૂરથી થાય. તેમનું જેટલું સન્માન કરે એટલું ઓછું કહેવાય. સુરતને સાચી સોનાની મૂરત બનાવવામાં રાવ સાહેબની મહત્વપૂર્ણ ભૂમિકાઓ યાદ કરવી જઈએ.

સુરત - જિજ્ઞેશ બક્ષી

## જીવન જીવો તો આવું જીવો

જીવન જીવવું હોય તો એવું જીવો કે દરેક પળ યાદગાર બને. જીવન એક કેનવાસ છે, જેમાં રંગો તમારી પસંદગીના છે. પણ ઘણીવાર આપણે એ ભૂલી જઈએ છીએ કે આ રંગો ફક્ત આનંદના જ નથી, પણ દુઃખ, સંઘર્ષ અને અનુભવોના પણ છે. જીવનમાં દરેક અનુભવ એક પાઠ આપે છે, જે આપણને વધુ મજબૂત બનાવે છે. જો તમે સપનાં જુઓ છો, તો એને હકીકતમાં બદલવા માટે મહેનત કરો. સફળતા એ નથી કે તમે કેટલું કમાયું, પણ એ છે કે તમે કેટલા લોકોના ચહેરા પર સ્મિત લાવ્યા. પ્રેમ, સેવા અને સચ્ચાઈથી જીવેલું જીવન જ સાચું જીવન છે. નાની-નાની ખુશીઓ, જેમ કે સવારનું પક્ષીઓનું કલરવ, પરિવાર સાથેનો સમય, કે મિત્રો સાથેની હાસ્યની પળો, આ જીવનને અર્થ આપે છે. જીવનમાં ઉતાર-ચઢાવ આવે, પણ હિંમત ન હારો. દરેક પડકાર એક નવી શરૂઆતનો દરવાજો ખોલે છે. ખુદ પર વિશ્વાસ રાખો, અને બીજાને પણ પ્રેરણા આપો. જીવન એક યાત્રા છે, જેમાં દરેક પગલું મહત્વનું છે. તો ચાલો, દરેક દિવસને એવી રીતે જીવીએ કે જ્યારે પાછળ વળીને જોઈએ, ત્યારે ગર્વ થાય કે આપણે જીવનને સાચા અર્થમાં જીવ્યા!

સુરત - જીશુ સોલંકી

## શિક્ષણ ક્ષેત્રે કલંક

શિક્ષણ જેવા પવિત્ર ગણાતા ક્ષેત્રને કલંક લગાડનારી ઘટનાઓ વારંવાર બનતી હોય છે. શિક્ષકો વિદ્યાર્થીઓની મજબૂરીનો ગેરફાયદો ઉઠાવતા હોય છે. એમને પરીક્ષામાં નાપાસ કરવાની ધમકી આપીને વિદ્યાર્થી સાથે શારીરિક અડપલાં કર્યાના અનેક કિસ્સા પ્રકાશમાં આવ્યા છે. શિક્ષણના વ્યવસાયમાં જોડાયેલા આવા શિક્ષકોને ચોક્કસ સજા મળવી જોઈએ પણ આપણા માટે તો એસ.એસ.સી., એચ.એસ. સી કે અન્ય પરીક્ષામાં પાસ થવું મહત્ત્વનું બની ગયું છે. આજે સવાલ મહત્ત્વનો એ છે કે જિંદગીની પરીક્ષામાં પાસ થવું મહત્ત્વનું છે કે ભણતરની? આપણા દેશમાં મોટા ભાગનાં વિદ્યાર્થીઓ માટે શિક્ષણ સજારૂપ બની ગયું છે. વિદ્યાર્થીઓ પર પ્રથમ નંબરે આવવા માટે કે સારા માર્કસ લાવવા માટે દબાણ આપતું હોય છે એને કારણે આજનો વિદ્યાર્થી આત્મહત્યા કરી લે છે એવા કિસ્સાઓ પણ બન્યા છે. આવી ઘટના કોઈ પણ સમાજ, દેશ કે સરકાર માટે શરમજનક ગણાય.

અડાજણ, સુરત - શીલા સુભાષ ભટ્ટ

## કાયદા અને ગેરફાયદા

કોઈ પણ દેશ કે રાજ્યમાં જે નિયમો કે સિદ્ધાંતો હસ્તક નાગરિકોને ન્યાય અપાતો હોય છે, જેને અનુસરીને રાજ્યો-રાજ્યો વચ્ચેના, રાજ્ય અને નાગરિકો વચ્ચેના તથા પરસ્પર નાગરિકો વચ્ચેના વિવાદોનો નિકાલ કરવામાં આવતો હોય છે તથા જેને આધારે શાંતિ અને વ્યવસ્થા જળવાતી હોય છે તે નિયમો કે સિદ્ધાંતોનો સંપુટ! માનવજીવનમાં કાયદાની અસર એટલી બધી વ્યાપક હોય છે કે માણસના જન્મથી મૃત્યુ સુધી અને તે પછી પણ કાયદો તેને ઘેરીને ઊભો હોય છે. એટલે કોઈ એમ પૂછે કે ‘કાયદો ક્યાં છે!?’ તો એ પ્રશ્ન સામે ઉત્તર સ્વરૂપે બીજો પ્રશ્ન પૂછવો પડે કે ‘કાયદો ક્યાં નથી!?’ અર્થાત્, કાયદો સર્વત્ર છે! ખેર, કાયદાના વિવિધ વિષયોથી રાજકારણ, અર્થશાસ્ત્ર, ઈતિહાસ અને સમાજના આકાર આપી શકાય છે! અપવાદરૂપેના કિસ્સામાં દિલ્હીના એક કાળા કોટ વગરના યુવક વકીલે વકીલાતની ૧.૫૦ કરોડની દુકાન ખોલી ૫૦ લાખનું ફર્નિચર પણ આઘાત અને આશ્ચર્યસહ, અસ્ત્રશસ્ત્ર વગરનો સિપાઈ નકામો તેમ અસ્ત્રા વિનાનો હજામ નકામો! કાયદાના ચોપડા અને લાયબ્રેરી વિનાની એ વકીલ મહાશયની ભવ્યાતિભવ્ય ઓફીસ....! પછીથી વકીલ આલમમાંથી ખબર પડી કે, આ બ્રિફલેશ વકીલ રાજકીય ક્ષેત્રે જોડાયેલ વજનદાર મોટું માથું છે પણ ગોઠવણ ધરાવતી માલ એન્ડ કરપ્ટ પ્રેક્ટીસ કાનૂનની ખિતાબ વગર કરે છે! જે દુઃખદ અને શરમજનક લેખાય!

ગોપીપુરા, સુરત - સુનીલ રાજેન્દ્ર બર્મન

## “ખાડા” પ્રજાની મુશ્કેલીનો યક્ષપ્રશ્ન

15 જુલાઈના ‘ગુજરાતમિત્ર’ દૈનિકના ચર્ચાપત્ર વિભાગમાં શ્રી સંજયભાઈ સોલંકીએ સંપૂર્ણ સમયોચિત અને યથાયોગ્ય ખાડાપુરાણ વર્ણવ્યું છે. ચંદ્ર પણ રાજી થતો હશે કે મારી ધરતી કરતાં ભારતની ધરા વધુ ખાડાયુક્ત છે! જેમને આ ખાડાનો અનુભવ થયો હશે એમણે કમરના મણકાનો વિચાર અવશ્ય કર્યો હશે! જ્યારે રોડ બનતા હોય ત્યારે વપરાયેલ મટીરીયલની ગુણવત્તાની ચકાસણી નહીં થતી હશે? કોઈ માપદંડ જ ન હશે? પ્રજાને કેટલી હાલાકી ભોગવવી પડે છે. ક્યાંક વરસાદ સમયે ગટરનાં ઢાંકણાં ન હોય તો નાનું બાળક એમાં કદાચિત ગરક થઈ શકે. ખાડા થકી વાહનના ટાયરને પણ નુકસાન અવશ્ય પહોંચી શકે. આવા રસ્તા બનાવનાર ઈજારદારને ખાડા ન બતાવી શકાય? કે પછી મીલીભગત દ્વારા બધું લોલમલોલ! દર વરસાદે આ પરિસ્થિતિ ઊભી થાય જ છે. ભોળી પ્રજા શિયાળા-ઉનાળા દરમિયાન બધું ભૂલી જાય ને ચોમાસામાં પછી હેરાન થાય અને આક્રોશ ઠાલવે. વિદેશમાં વારંવાર વરસાદ આવી જાય પણ આવા ખાડા કે રોડ દશ્યમાન નથી થતા. પૂર આવે એ કુદરતી પ્રકોપ કહેવાય એ વિશ્વના કોઈ પણ દેશમાં કુદરતી હોનારતમાં ગણી શકાય. પણ રસ્તાના ખાડા તો માનવસર્જીત જ કહેવાય.

રાંદેર રોડ, સુરત - નેહા શાહ

## ખૂબ જ સુંદર શિખામણ

શરીર પાસે શ્રમ કરાવો, તો ઊંઘ ઠીક થાય. ઊંઘ ઠીક કરો તો મૂડ ઠીક થાય. મૂડ ઠીક કરો તો, ડાયેટ ઠીક થાય. ડાયેટ ઠીક થાય તો, ઊર્જા ઠીક થાય. ઊર્જા ઠીક થાય તો, કામ ઠીક થાય . કામ ઠીક થાય તો, બધું જ ઠીક થાય. બધું જ ઠીક થાય તો,જીવન ઠીક થાય જ. જીવનમાં ઉતારવા જેવી આ ખૂબ જ સુંદર શિખામણ છે.

નાનપુરા, સુરત - સુરેન્દ્ર દલાલ

## સુરત એરપોર્ટ પર ફ્લાઈટની સંખ્યા ઓછી કેમ?

એક સમય હતો કે સુરત એરપોર્ટ પર રોજના 33 થી 35 પ્લેનો લેન્ડ થતા હતા. પરંતુ હાલની પરિસ્થિતિમાં ફક્ત માંડ 20 થી 22 પ્લેનો લેન્ડ થાય છે. તો ફ્લાઈટની સંખ્યા કેમ ઓછી થઈ? સુરત શહેરીજનો વ્યાપાર ચેન્નાઈ, હૈદ્રાબાદ, બેંગલોર, કલકત્તા, ઈંદોર વગેરે અનેક સ્થળો ચાલી રહ્યા છે. સુરત એરપોર્ટથી આ સ્થળોએ પણ સાથે દિલ્હી પણ વીકમાં 3 થી 4 દિવસ પ્લેનોની અવરજવર ચાલુ હતી. પરંતુ અમુક સ્થળોએ તો પ્લેન જ કેન્સલ થઇ ગયા છે. વ્યાપાર ઉદ્યોગ માટે આ સ્થળોના પ્લનોની સંખ્યા વધારવી જોઈએ. સાથે સાથે પવિત્ર સ્થળ અયોધ્યા પણ પ્લેન સુરત એરપોર્ટથી ચાલુ કરવું જરૂરી છે. શ્રદ્ધાળુઓ પ્લેનમાં જઈ લાભ લઈ શકે. પરંતુ સુરત એરપોર્ટને કોઈની નજર લાગી છે. પ્રગતિની હરણફાળ કરતું સુરતને અન્યાય મળે તે કેમ ચાલે? શુક્રવાર તા. 18મી પ્રસિધ્ધ થયેલા ગુજરાતમિત્રમાં ન્યૂઝ સાચી હકીકત દર્શાવે છે. પગલા લેવાવાં જ જોઈએ. વડાપ્રધાન મોદી ઉદ્ઘાટન કરી ગયા બાદ પણ કોઈ પ્રગતિ નહીં. નવાઈ લાગે છે. આમનેઆમ જો ચાલશે તો સુરતી શહેરીજનોને ઘોર અન્યાય થશે. સુરત એરપોર્ટને 24 કલાક ચાલુ કરવા માટેની પણ અધિકારીઓની ઊંઘ ઉડતી નથી. રન-વે વધારા માટે પણ જગ્યા પુરતી છે પરંતુ મામલો કોઈના દબાણોસર અટકી ગયો છે. યુધ્ધના ધોરણે આ મામલાનું નિવારણ થવું જ જોઈએ.

ગોપીપુરા, સુરત - ચેતન અમીન